




સત્ય આવી ગયું અને અસત્ય નાશ પામ્યું (અલ-કુર્આન ૧૭ : ૮૧)

# ફારૂક
FAROOQ

www.farooqsaptahik.com

25th YEAR

POSTAL REGN. No. G-KCH-146/2024-2026

Posting at BHUJ On Every FRIDAY • સાપ્તાહિક








RNI No. GUJ GUJ / 2000 / 2443 ★ Year - 25th ★ Issue - 18 ★ Jamadi ul Awwal - 26, H. 1446 ★ 29-NOVEMBER-2024, Friday ★ Pages - 4 ★ Price – Rs. 3/- ★ Visit us at : Farooqsaptahik.com

વાર્ષિક લવાજમ – Rs. 150/- ★ 'ફારૂક' સાપ્તાહિક મેળવવા સંપર્ક કરો : ફારૂક કાર્યાલય, સુમરા ડેલી સામે, ભુજ–કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન : 98253 76396. ★ E-mail : farooqsaptahik@gmail.com


# ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડનો ૨૯મો સંમેલન સંપન્ન

## વક્ફ સુધારા, સમાન નાગરિક ધારો, પૂજાસ્થળ કાયદો, ગુસ્તાખીએ રસૂલ, ફલસ્તીનમાં અમાનવીય અત્યાચારો વગેરે બાબતો પર ઠરાવ પસાર થયા

(ન્યૂઝ ડેસ્ક) તા. ૨૪–૧૧ના જામિઆ સબીલુર્રશાદ, બેંગલુરૂ ખાતે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ (AIMPLB)નો ૨૯મો સંમેલન સંપન્ન થયો જેમાં મૌલાના ખાલિદ સૈફુલ્લાહ રહમાનીને આગામી બે વર્ષ માટે પુનઃ નિયુક્ત કરવામાં આવ્યા તેમજ અન્ય ખાલી પડેલ હોદાઓ પર સભ્યોની નિયુક્તિ કરવામાં આવી. આ સંમેલનમાં વક્ફ સુધારા, સમાન નાગરિક ધારો, પૂજા સ્થળ કાયદો – ૧૯૯૧, ગુસ્તાખીએ રસૂલ, ફલસ્તીનમાં અમાનવીય અત્યાચારો પર વિસ્તૃત ચર્ચા કરી ઠરાવ પસાર કરવામાં આવ્યા.

વક્ફ સુધારા બિલ – ૨૦૨૪ અંગે AIMPLBએ કહ્યું છે કે તે વક્ફ મિલ્કતો પડાવી લેવા માટે ઘડાયો છે, તમામ ૪૪ સુધારા અને તેની પેટા વિભાગો ખરાબ રીતે ડિઝાઈન કરાયેલા છે જેથી વક્ફ મિલ્કતોની સ્થિતિને નુકસાન કરી શકાય. દુર્ભાગ્યપૂર્ણ રીતે મંતવ્યો મેળવવા માટે રચાયેલ સંયુક્ત સંસદીય સમિતિ સંબંધિતો સાથે વાત કરવાના બદલે એવા લોકો તરફ ધ્યાન આપી રહી છે જેમને આ બાબતથી કંઈ લેવા દેવા નથી. આના સિવાય અન્ય મુસ્લિમ જૂથોએ અલગથી પોતાના મંતવ્યો રજૂ કર્યા છે ઉપરાંત ૫ કરોડ જેટલા મુસ્લિમ બિરાદરોએ આ બિલને સંપૂર્ણ જાકારો આપ્યો છે જેની ભારત જેવા લોકતંત્રમાં સરકાર અનદેખી કરી શકે નહીં.

સમાન નાગરિક ધારા અંગે AIMPLBએ કહ્યું છે કે તે અસ્વીકાર્ય છે અને ધાર્મિક સ્વતંત્રતા અને વિવિધ પરંપરાઓની વિરૂધ્ધ છે જેનું બંધારણમાં મૂળભૂત અધિકારો હેઠળ આદરણીય સ્થાન છે. બોર્ડ એ બાબતે નિશ્ચિત છે કે શરિઅત વિરૂધ્ધનો કાયદો મુસ્લિમોને અસ્વિકાર્ય છે અને તે બાબતે કોઈ સમાધાન કરવામાં નહીં આવે. બોર્ડ માની રહ્યું છે કે આ દખલગીરી ભાજપ સરકારો દ્વારા સમજી – વિચારેલું ષડયંત્ર છે જેનાથી અનેક વિક્ષેપો ખડા થશે. શરિઅત એપ્લીકેશન એક્ટ – ૧૯૩૭ ધારાસભા દ્વારા માન્ય કરાયેલી છે અને કલમ ૨૫ હેઠળ ભારતના બંધારણે તેને મૂળભૂત હક્ક ગણાવ્યો છે જેમાં ધર્મ પર અમલ અને તેના પ્રચારની અનુમતિ છે. અન્ય સમુદાયના પારીવારિક કાયદા તેમની ધાર્મિક માન્યતાઓ અને પ્રાચીન પરંપરાઓ પર આધારિત છે તેથી તેમની સાથે છેડછાડ અને તેના બદલે ધર્મનિર્પેક્ષ કાયદા લાવવા ધર્મ સ્વતંત્રતાનું ઈન્કાર છે અને પશ્ચિમની નકલ છે.

૧૯૯૧ના પૂજા સ્થળ કાયદા અંગે બોર્ડે કહ્યું છે કે, આ કાયદામાં ભારપૂર્વક કહેવામાં આવ્યું છે કે પૂજા સ્થળોનું ગુણધર્મ (રૂપ) તે જ રહેવું જોઈએ જે સ્વતંત્રતાના દિવસે (૧૯૪૭) હતું. તેમ છતાં દેશભરમાં ધાર્મિક સ્થળો પર ખોટા દાવા થઈ રહ્યા છે જેમાં વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદ, મથુરામાં શાહી ઈદગાહ, મધ્યપ્રદેશમાં ભોજશાલા કમાલ મૌલા મસ્જિદ, લખનૌમાં તેલીવાલી મસ્જિદ અને હવે સંભલ UPની જામ્આ મસ્જિદ શામિલ છે જેમાં હિન્દુ વાદીઓ દાવો કરી રહ્યા છે કે આ મસ્જિદો મંદિરો ધ્વંશ કરીને બનાવવામાં આવી છે. ૨૦૨૨માં સુપ્રીમ કોર્ટે સર્વેની અનુમતી આપી સમસ્યાઓનો પેટાળો ખોલી નાખ્યો છે. જો આ કાયદાને પુનઃ સથાપિત નહીં કરવામાં આવે તો શરારતીઓ મસ્જિદો, દેવળો, ગુરૂદ્વારાઓ પર દાવાઓ કરી અડચણો પેદા કરશે જે બહુ ધાર્મિક દેશને હિંસા તરફ વાળશે અને કાયદો વ્યવસ્થાનો સંકટ ઉભો થશે.

ગુસ્તાખી એ રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અંગે બોર્ડે કહ્યું છે કે, દુર્ભાગ્યપૂર્ણ રીતે કોઈપણ આલો–ઘેલો અમારા આદરણીય પયગમ્બર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની શાનમાં ગુસ્તાખી કરી રહ્યો છે પરંતુ તેની સામે ઉચિત કાયદાકીય કાર્યવાહી

(અનુસંધાન પાના ૩ ઉપર)

## ઉબૈદુલ્લાહ ખાન આઝમી AIMPLBના ઉપાધ્યક્ષ વરાયા

(ન્યૂઝ ડેસ્ક) ખતીબે હિન્દ, માજી સાંસદ મૌલાના ઉબૈદુલ્લાહ ખાન આઝમી ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડના ઉપાધ્યક્ષ વરાયા છે. AIMPLBના જાહેર સંમેલનમાં તેમણે મુસ્લિમનો પોતાનામાં સુધાર લાવવાની હાકલ કરી હતી અને કહ્યું કે, મુસ્લિમ સમાજને બાહ્ય શક્તિઓ રંજાડી રહી છે અને આંતરિક શક્તિઓ મુસ્લિમ સમાજને નુકસાન પહોંચાડી રહી છે. આંતરિક શક્તિઓ મુસ્લિમોનું બેદીન હોવું છે. વક્ફ સુધારા બિલ અંગે તેમણે કહ્યું કે, જો સંસદ તમારી છે તો સડકો અમારી છે. જો આ કાયદો અમલમાં લાવવામાં આવશે તો સડકો પર તેનો વિરોધ કરવામાં આવશે.

મૌલાના ઉબૈદુલ્લાહ ખાનની ઉપાધ્યક્ષ તરીકે વરણીને ગુજરાતના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ, મુસ્લિમ અગ્રણી હાજીજુમા રાયમાએ આવકારી છે અને તેમની નિમણુંકથી બોર્ડને મજબૂતી પ્રાપ્ત થશે તેમ કહ્યું છે.

## વલ્લાહો અઅ્લમો

○ પપ્પા !

❑ જી, બેટા !

○ મહારાષ્ટ્રમાં કોંગ્રેસ નાંદેડની લોકસભા બેઠક પેટાચૂંટણીમાં જીતી ગઈ પરંતુ તે વિસ્તારમાં આવતી વિધાનસભાની તમામ બેઠકો હારી ગઈ, આવું કેમ ?

❑ વલ્લાહો અઅ્લમો !!

## JUHએ સંભલમાં પોલીસ અધિકારીની મુલાકાત લીધી

(ન્યૂઝ ડેસ્ક) JUHના પ્રતિનિધિમંડળે વર્તમાન હિંસા અંગે સંભલમાં જવાબદાર અગ્રણીઓ અને પોલીસ અધિકારીઓની મુલાકાત લીધી હતી. JUHના મહામંત્રી મૌલાના મોહમ્મદ હકીમુદ્દીન કાસમીએ લોકો પર પોલીસ ફાયરિંગ અને નિર્દોષોની ધરપકડ પર ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે અને વિષ્ણુ જૈન સહિત જવાબદારો સામે કાર્યવાહીની માંગ કરી છે. તેમણે સરકાર સમક્ષ નિષ્પક્ષ તપાસની માગણી કરી છે તેમજ પીડિતોને રૂા. ૫૦ લાખ વળતર આપવાની માગણી કરી છે. આ પ્રતિનિધિ મંડળમાં મહામંત્રી સાથે મૌલાના ગયુરઅહમદ કાસમી, મૌલાના અલાઉદ્દીન કાસમી, મૌલાના ઝિયાઉલ્લાહ કાસમી, એડવોકેટ મિર્ઝા આકિબ બેગ સાથે રહ્યા હતા.





## સંભલ હિંસા અને મુસ્લિમ યુવકોના મોત, સરકાર અને પ્રશાસનની ભેદભાવભરી નીતિનું પરિણામ : JUH

(ન્યૂઝ ડેસ્ક) જમીઅત ઉલેમાએ હિન્દ (JUH)ના અધ્યક્ષ મૌલાના મહમૂદ અસદ મદનીએ UPની સંભલ જામ્આ મસ્જિદના સર્વે દરમ્યાન પોલીસ ફાયરિંગમાં મુસ્લિમ યુવકોના મોત અને હિંસા પર ઊંડી નારાજગી અને દુઃખ વ્યક્ત કર્યું છે. આ ઘટના માટે તેમણે રાજ્ય સરકાર અને પ્રશાસનને જવાબદાર ઠેરવ્યા છે. મૌલાના મદનીએ કહ્યું કે, JUH કોઈપણ પક્ષની હિંસાનું સમર્થન નથી કરતી. પરંતુ પોલીસની આ કાર્યવાહી ન ફકત અન્યાયપૂર્ણ બલ્કે ભેદભાવભરી છે જેના લીધે નિર્દોષોના પ્રાણ ગયા છે. બંધારણ દરેક નાગરિકને સમાનતા, સન્માન અને સુરક્ષાનો અધિકાર આપે છે. જો કોઈ સરકાર કોઈ સમુદાયના જીવન અને સંપત્તિને ઉતરતી સમજે છે તો તે બંધારણ અને કાયદાનો ઉલ્લંઘન છે. મૌલાનાએ ચેતવણી આપી હતી કે મસ્જિદોમાં મંદિર શોધવાના પ્રયત્નો દેશની શાંતિ અને સૌહાર્દ માટે ખતરનાક છે. વર્તમાન ઘટનાએ તે દષ્ટિકોણને સત્ય સિધ્ધ કર્યું છે. સંભલમાં પ્રથમ દિવસ લોકોએ સર્વે ટીમને સહકાર આપ્યો હતો. પરંતુ આ વખતે જે ટીમ જઈ રહી હતી તો તેમની સાથે મોજૂદ લોકોએ ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચાર કર્યો જેના લીધે હિંસા ભડકી ઉઠી. મૌલાનાએ પ્રશ્ન કર્યો છે કે આવા લોકોને મસ્જિદમાં આવવાની અને ઉશ્કેરણી કરવાની પરવાનગી કેમ આપી ? અદાલતના તાત્કાલિક સર્વેનો આદેશ પર પ્રશ્ન કરતા તેને ધાર્મિક સ્થળોની સંવેદનશીલતા અને ન્યાય પ્રણાલીની વિરૂધ્ધ કહ્યું. બંધારણ ધાર્મિક સ્થળોની ૧૯૪૭ની સ્થિતિની સુરક્ષા સુનિશ્ચિત કરે છે અને તેને રાજકીય ઉદેશ્યો માટે બદલવાના પ્રયાસ દેશની એકતા માટે ખતરનાક છે.

# હજ ૨૦૨૫ : કન્ફર્મ અરજદારોએ બીજા હપ્તાની રકમ ૧૬–૧૨ સુધી જમા કરાવવી

## પ્રથમ વેઈટિંગ લિસ્ટમાંથી પસંદ થયેલા ગુજરાતના ૧૭૨૩ યાત્રાળુઓ માટે જરૂરી સૂચનાઓ

(રશીદભાઈ ખત્રી, અંજાર દ્વારા)

ગુજરાત રાજ્ય હજ સમિતિના અધ્યક્ષ ઈકબાલ સૈયદ અને આઈ. એમ. ઘાંચી એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવે છે કે, હજ કમિટી ઓફ ઈન્ડિયાના તા. ૨૫–૧૧–૨૪નાં પરિપત્ર ક્રમાંક–૧૪ મુજબ હજ ૨૦૨૫ માટે ડ્રોમાંથી પસંદગી પામેલ હજયાત્રી દીઠ **બીજો હપ્તો રૂા. ૧,૪૨,૦૦૦/–** તા. **૧૬–૧૨–૨૪ સુધી** જમા કરાવી પે–સ્લીપ પોતાના જીલ્લામાં હજ કમિટી દ્વારા નિયુક્ત ફીલ્ડ ટ્રેનર (FT) અને આસીસ્ટન્ટ ફીલ્ડ ટ્રેનર (AFT)ને જમા કરાવવાની રહેશે જેઓની યાદી https://gujarathajhouse.in/trainers-2025 પર રાખેલ છે.

ઉપરાંત હજ કમિટી ઓફ ઈન્ડિયાનાં પરિપત્ર ક્રમાંક–૧૩ મુજબ હજ ૨૦૨૫ માટે હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈ દ્વારા પ્રથમ વેઈટિંગ લિસ્ટ રીલીઝ કરવામાં આવ્યું છે જેમાં ગુજરાતના વેઈટિંગ નંબર–૧ થી ૧૭૨૩ સુધીના ઉમેદવારોની પસંદગી થયેલ છે. જેઓની યાદી https://gujarathajhouse.in/released-1st-wl પર રાખેલ છે.

પ્રત્યેક હજ યાત્રી દીઠ એડવાન્સ હજ એમાઉન્ટ પ્રથમ હપ્તા પેટે રૂા. ૧,૩૦,૩૦૦/– તથા બીજા હપ્તા પેટે રૂા. ૧,૪૨,૦૦૦/– મળીને કુલ રૂા. ૨,૭૨,૩૦૦/– હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈનાં એકાઉન્ટમાં નીચે મુજબ કોઈ એક પધ્ધતિથી તા. ૧૬–૧૨–૨૪ સુધીમાં જમા કરાવી શકાશે. E-Payment દ્વારા હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈની વેબસાઈટ https://hajcommittee.gov.in પર ૧. ક્રેડિટ કાર્ડ, ૨. ડેબિટ કાર્ડ, ૩. નેટ બેન્કિંગ, ૪. UPI.

અથવા

હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈના એકાઉન્ટમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા અને યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયાની કોઈ પણ બ્રાન્ચમાં ગુજરાત

(અનુસંધાન પાના ૨ ઉપર)







હવાએં ઔર લહરેં કબ કિસ કા હુકમ સુનતી હૈ,
હવાએં હાકિમોં કી મુટ્ઠીઓમેં હથકડીમેં
કૈદ ખાનોમેં નહીં રૂકતીં,
યે લહરેં રોકી જાતી હૈ તો દરિયા કિતના ભી હો પુર–સુકૂન
બેતાબ હોતા હૈ,
ઔર ઈસ બેતાબી કા અગલા કદમ સૈલાબ હોતા હૈ.
– જાવેદ અખ્તર

## ફારૂક સાપ્તાહિક તંત્રી સ્થાનેથી...

# નફરતની રાજનીતિ ક્યાં જઈ અટકશે ?

ઉત્તરપ્રદેશના સંભલમાં વર્ષ ૧૫૨૯માં બંધાયેલી જામ્આ મસ્જિદ પર હિન્દુ પક્ષે પોતાનો દાવો માંડ્યો છે તેમના વકીલ અનુસાર સંભલનું હરિહર મંદિર (જામ્આ મસ્જિદ) અમારી આસ્થાનું કેન્દ્ર છે, તેમની ધાર્મિક માન્યતાઓ અનુસાર દશાવતારમાં કલ્કી અવતાર અહીંથી થવાનો છે. આ અરજી પર અદાલતે જામ્આ મસ્જિદના સર્વેનું આદેશ આપ્યું જેના પર એક વખત શાંતિપૂર્ણ રીતે સર્વે થઈ ગયું. વિવિધ અહેવાલો અને લોકોના કથનાનુસાર બીજીવાર સર્વેની ટીમ જ્યારે જામ્આ મસ્જિદ પહોંચી ત્યારે તેમની સાથે ફરિયાદી પક્ષના લોકોનું ટોળો સાથે હતો જે સૂત્રોચ્ચાર કરી રહ્યો હતો. આ સૂત્રોચ્ચારથી ઉશ્કેરાઈ મુસ્લિમોનું ટોળું એકત્ર થઈ ગયો હતો અને મામલો હિંસામાં પરિણમ્યો હતો. આ ઘટનામાં પોલીસ ગોળીબારથી પાંચ મુસ્લિમ યુવકના મોત થયા છે. આ ઘટનાના સમગ્ર દેશમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. વિપક્ષના રાજકીય નેતાઓએ આ સમગ્ર ઘટના માટે UPની ભાજપ સરકાર પર આરોપ લગાવ્યો છે.

UPના મુખ્ય વિપક્ષ સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે કહ્યું છે કે સંભલમાં ભાજપે વહિવટી તંત્ર અને સરકાર સાથે મળીને હિંસા કરાવી છે. એક વખત સર્વે થઈ ગયો હતો તો બીજીવાર સર્વે કરાવવાની શી જરૂર પડી ? પેટા ચૂંટણીઓમાં ભાજપે જે ગરબડ કરી છે તેના તરફથી ધ્યાન બીજે હટાવવા આ હિંસા કરાવવામાં આવી છે. ચૂંટણીઓ વિશેની ચર્ચાઓ રોકવા માટે જાણી જોઈને સર્વેની ટીમ બીજીવાર મોકલવામાં આવી હતી જેની પાછળ અરાજકતા ઉભો કરવાનો હતો. નોંધનીય છે કે UPમાં પેટા ચૂંટણીઓ દરમ્યાન મુસ્લિમ વિસ્તારોમાં પોલીસ પર આરોપ લાગ્યા હતા કે તેઓ મતદારો સામે ખોટી કનડગતો ઉભી કરી રહ્યા છે.

કોંગ્રેસના નવનિયુક્ત સાંસદ પ્રિયંકા ગાંધીએ કહ્યું છે કે UP સરકારે રાજ્યનું વાતાવરણ બગાડી નાખ્યું છે, કોઈપણ વિવાદ હોય રાજ્ય સરકારનું અભિગમ અને માનસિકતા કમનસીબ રહ્યા છે. પ્રશાસન દ્વારા આવી સંવેદનશીલ બાબતમાં સામા પક્ષને સાંભળ્યા વિના અને બન્ને પક્ષોને વિશ્વાસમાં લીધા વિના ઉતાવળે જે પ્રકારની કાર્યવાહી કરવામાં આવી છે એ જ દર્શાવે છે કે સ્વયં રાજ્ય સરકારે પોતે જ વાતાવરણ બગાડયું છે. તમે સત્તાપર હોવ ત્યારે ભેદભાવ કરો અને દમન કરો અને ભાગલા પાડો તો એ રાજ્યની પ્રજાના હિતમાં નથી અને દેશના હિતમાં પણ નથી. સુપ્રીમ કોર્ટે આ બાબતની નોંધ લઈને ન્યાય અપાવવું જોઈએ.

'આપ'ના સંજયસિંહે કહ્યું છે કે, આખો પ્રકરણ ઉપાડીને જૂઓ કે તે બનાવ કેવી રીતે બન્યો ? મથુરામાં સર્વે થયો કોઈ હિંસા ન થઈ, કાશીમાં સર્વે થયો કોઈ હિંસા ન થઈ, આ સરકાર પ્રાયોજિત હિંસા છે, ષડયંત્ર તળે કરવવામાં આવેલી હિંસા છે, બીજા પક્ષને સાંભળ્યા વગર એક જ કલાકમાં (કોર્ટનો) નિર્ણય આવી જાય છે અને એક જ કલાકમાં સર્વેની કામગીરી શરૂ થઈ જાય છે આવું ક્યારે પણ કોઈ પ્રશાસનીય કાર્યવાહીમાં તમે સાંભળ્યું છે ? UP સરકાર ઈચ્છી રહી છે કે UPમાં રમખાણો થાય, હિંસા થાય, બૂલડોઝર હોય, નફરતની ભાષા હોય જેના લીધે UP બરબાદ થાય. આવા બનાવોમાં ગરીબ વર્ગના દીકરાઓ બરબાદ થઈ રહ્યા છે. ભાજપના નેતાઓના દીકરાઓ તો કરોડો કમાય છે, શા માટે આવા બનાવોમાં ભાજપના નેતાઓના દીકરાઓ શામિલ નથી થતા ? બેરોજગાર યુવક સરકાર પાસેથી રોજગાર ન માંગે તે માટે તેના મગજમાં ધાર્મિક ઉન્માદ પેદા કરી દેવામાં આવે છે જેથી તેમાં તે પરોવાયેલો રહે !

રાજકારણીઓ ઉપરાંત જમીઅત ઉલમાએ હિન્દના વડા મહેમૂદ મદનીએ કહ્યું છે કે, અયોધ્યાનો ચુકાદો એક સીમાચિહ્નરૂપ માનવામાં આવે છે. તે ચૂકાદાથી લાગી રહ્યું હતું કે એક પક્ષનો ઈબાદતનો સ્થળ છિનવાઈ રહ્યો છે તેમ છતાં દેશ હિતમાં તે ચૂકાદા પર સંતોષ માની લેવામાં આવ્યું કે એક ઝગડો ખતમ થઈ રહ્યો છે, ઝગડાનો પુસ્તક બંધ થઈ ગયો છે, પરંતુ એવું ન થયું. જ્ઞાનવાપી મસ્જિદના મામલામાં નિવૃત્તિના એક દિવસ પહેલા જજે ચૂકાદો સંભળાવી દીધું અને એક કલાકમાં તે ધર્મસ્થાન ખોલી દેવામાં આવ્યો. એવું ન થવું જોઈએ કે લોકો એ કહેવા વિવશ થઈ જાય કે અદાલતો બેઈમાની થઈ રહી છે. ન્યાય થવું જોઈએ અને ન્યાય દેખાવવું પણ જોઈએ. લોકોનું સિસ્ટમ પરથી વિશ્વાસ જ ઉઠી જાય એવું ન થવું જોઈએ. સંભલ ઘટના માટે તેમણે SDM અને CO ને જવાબદાર ગણાવ્યા અને હત્યાઓ જાણી જોઈને થઈ હોવાનું કહ્યું. મૌલાનાએ ભારપૂર્વક કહ્યું કે, શું ભારત સરકાર અને UP સરકાર ઈચ્છે છે કે મુસ્લિમોનું વિશ્વાસ જ સિસ્ટમ પરથી ઉઠી જાય ? જો આવું છે તો 'હાથ કંગનકો આરસી ક્યા ?' (હાથમાં પહેરેલા કંગનો જોવા માટે અરીસાની જરૂર પડતી નથી).

રાજકારણીઓ ઉપરાંત ધાર્મિક અગ્રણીઓના ઉક્ત શબ્દો પોતાનામાં ઘણું વજન ધરાવે છે અને નફરતની રાજનીતિ થકી દેશમાં જે સ્થિતિ ઉભી થવાની છે તેની દીર્ઘદ્રષ્ટિ દર્શાવે છે. દેશમાં અનેક ધાર્મિક શોભાયાત્રાઓ નિકળે છે જેનું આયોજન સમાજ–ધાર્મિક સંગઠનો દ્વારા થાય છે. આ શોભાયાત્રાઓ મુસ્લિમ વિસ્તારોમાંથી પણ પસાર થાય છે પણ ક્યારેય કોઈ ગરબડ ઉભી થતી નથી. ધર્મના નામે રાજકારણ દ્વારા પ્રેરિત શોભાયાત્રાઓમાં મુસ્લિમ વિસ્તારોમાં DJ પર ઉશ્કેરણી ગીતો વગાડવામાં આવે છે. મસ્જિદો–મુસ્લિમોના ઘરો પર ધર્માંધ યુવાનો ચડી નુકસાન પહોંચાડે છે અને પોલીસ મુકપ્રેક્ષક બની જોયા કરે છે એવા કેટલાય વિડીયો સોશ્યલ મીડિયા પર ઉપલબ્ધ છે, જ્યારે કે બંધારણે આપેલા અધિકારો મુજબ મુસ્લિમ સમાજ દ્વારા વિરોધ પ્રદર્શનો થાય છે તેના પર બળપ્રયોગ થશે અને વિરોધ કરવાનો લોકતાંત્રિક અધિકાર પણ છિનવી લેવામાં આવશે તો વિરોધની ગૂંગળામણ ક્યો રૂપ ધારણ કરશે એ ચિંતા પ્રેરક બાબત છે જેના પર સત્તા હિત છોડી વિચાર કરવામાં આવે એ જરૂરી બન્યું છે.

# શરઈ અહકામ

(કુર્આન શરીફ અને અહાદીસે મુબારકાની રોશનીમાં)

સંકલન : હસીનાબેન એ. મારા (B.Sc., B.Ed.), ભુજ-કચ્છ.

## ગુસલ

(ગતાંકથી ચાલુ)

ઘણી વખત એવું થાય છે કે ગુસલ કરતા સમયે ગુસલના કેટલાક ટીપાં પાણીમાં પડી જતા હોય છે. હવે આ ટીપાંના કારણે પાણી નાપાક થઈ ગયું તો પ્રથમ એ જોવામાં આવશે કે જે સમયે ગુસલ કરી રહ્યા હતા એ સમયે જો તમારા શરીર પર કોઈ ગંદકીની અસર બાકી હતી, જેમકે એહતલામનાં પ્રવાહી વગેરે. આ **નજાસત (ગંદકી)**ને પાણી સ્પર્શે અને ત્યારબાદ એ પાણી ડોલમાં પડયું તો બધું જ પાણી નાપાક થઈ ગયું. કારણ કે આ ટીપાં નાપાક હતા. પરંતુ જો એ ગંદકીને દૂર કરી દીધી હતી અને ત્યારબાદ પાણી વહેવડાવો છો તો હાલતે જનાબતના સમયે શરીર પરથી જે પાણી વહીને નિકળે છે તે નાપાક નથી હોતું. જો તે ડોલમાં જતું રહ્યું તો ડોલ પાક જ રહેશે.

ગુસલ કરવાની દસ સુન્નતો વર્ણવવામાં આવી છે. સૌથી પહેલા મનમાં નિય્યત કરવી કે હે ઈલાહી હું તારી રઝા માટે પાક થવાનો ઈરાદો કરું છું અથવા હું નમાઝને લાયક થવા માટે ગુસલ કરું છું. અહીં ધ્યાન રાખો કે મોઢાથી બોલવાનું નથી માત્ર મનમાં બોલવાનું છે. કારણ કે ઝબાનથી કહેશે તો ફરિશ્તાઓને **કોફ (લજ્જા)** થશે. ત્યારબાદ બીજી સુન્નત કાંડા સુધી બંને હાથ ધોવા. શરીર પર કોઈ જગ્યાએ ગંદકી લાગેલી હોય તો તેને ધોવી એ ત્રીજી સુન્નત છે. ચોથી સુન્નત ઈસ્તીન્જાની જગ્યાને ધોવું છે. પાંચમી સુન્નત વુઝૂ કરવું (જેવું કે નમાઝ માટે કરવામાં આવે છે) આની સાથે જ અથવા નાકમાં પાણી ચઢાવવો અને ગળા સુધી કોગળા કરવા ગુસલના આ બંને ફરજ વુઝૂ દરમિયાન પૂરા થઈ જશે.

શરીરના દરેક અવયવ પર પાણીને તેલની જેમ મસળી લેવું (આ છઠ્ઠી સુન્નતે કરીમા છે) કારણ કે અગાઉના સમયમાં લોકો કોઈ પાત્રમાં પાણી ભરીને ગુસલ કરતા. ફુવારા જેવી કોઈ વ્યવસ્થા ન હતી, આમ કરવાનું કારણ એ છે કે કેટલાક ભાગમાં ચામડી સૂકી થઈ જાય છે જે ત્વરિત પાણીને શોષી લેવાની ક્ષમતા ધરાવતી નથી. જો ચામડીને પ્રથમ ભીની કરી લેવામાં આવે અને ત્યારબાદ તેના પર પાણી વહેવડાવવામાં આવે તો ચામડી તેને શોષી લે છે અને પાણી તેના પરથી સરળતાથી વહી જાય છે. આમ, શરીરનો કોઈપણ ભાગ સૂકો નહિં રહે. આથી સંપૂર્ણ શરીર પર પાણીને તેલની જેમ મસળી લેવું. અહીં સુધી ગુસલની છ સુન્નતો પૂરી થઈ.

સાતમી સુન્નત જમણા ખભા પર ત્રણવાર પાણી રેડો, જેનાથી આખો હાથ ધોવાઈ જશે, આગળનો તેમજ પાછળનો અડધો ધડ ધોવાઈ જશે. આઠમી સુન્નત ડાબા ખભા પર ત્રણવાર પાણી રેડવું છે, જેનાથી ડાબો હાથ તથા ડાબી તરફનો આગળનો અને પાછળનો ધડ ધોવાઈ જશે.

બાકી રહેલો ભાગ જેમકે માથું અને ધડનાં નીચેનો ભાગ ધોઈ લેવામાં આવે. આ નવમી સુન્નત થશે. દસમી સુન્નત એ છે કે પાણી રેડતા સમયે શરીરને હાથ વડે મસળતા જાઓ ત્યારબાદ ટુવાલ વડે શરીર લુછીને તરત જ વસ્ત્ર પહેરી લે.

ફુકહાએ ઈસ્લામ ફરમાવે છે કે જો કોઈ વ્યક્તિ નદી કે દરિયામાં નહાય (ધ્યાન રાખો કે દરિયાનો પાણી પાક છે. ઘણીવાર આપ જોતા હશો કે તેમાં કોઈ **નજાસત (ગંદકી)** ભળી જાય છે પરંતુ દરિયાનો પાણી પુષ્કળ પ્રમાણમાં હોવાથી તે નજાસતની અસર રંગ, સ્વાદ કે વાસ અનુભવાશે નહિં, આથી તે પાણી પાક કહેવાશે).

જો કોઈ વ્યક્તિ સમુદ્રના પાણીમાં ડૂબકી લગાડે અને કોઈ રીતે નાકમાં પાણી ચઢાવી ગળા સુધી કોગળા કરી લે તો સંપૂર્ણ રીતે તેનો ગુસલ થઈ જશે.

ફુકહા એ ઈસ્લામ ફરમાવે છે કે જ્યારે વ્યક્તિ નદી કે દરિયામાં અથવા શાવર નીચે નહાય છે ત્યારે ગુસલની બધી સુન્નતો ખુદબખુદ અદા થઈ જાય છે.

અગાઉ આપને જણાવ્યું કે ધોવા અને મસહ (સ્પર્શ) કરવામાં ફરક છે. ધોવું એટલે કે તે જગ્યા પરથી પાણીનું વહી જવું અને મસહ એટલે કે તે જગ્યા પર માત્ર ભીનો હાથ ફેરવી દેવો, ત્યાં પાણી વહેવડાવવાની જરૂર નથી.

(ક્રમશઃ)

**નોંધ : ગત અંકમાં ગુસલખાનાની અંદર દાખલ થવાની દુઆમાં 'બિનલ' છપાયું છે તેના બદલે 'મિનલ' પઢવું. દુઆ આ પ્રમાણે છે : ''અઉઝુબિક મિનલ ખુબુસિ વલ ખબાઈસ.''**

# પર્યાવરણ

લેખક : અનવર અલાના હિંગોરા
ગામ : ધનાવાડા.

આજના યુગનું માનવ એટલો નિર્દયી, લાલચી, સ્વાર્થી થઈ ગયો છે તેણે દરિયો, હવા, પાણી, ચંદ્ર, સૂર્ય, જમીન, આસમાન કોઈને પણ બરબાદ કરવામાં કોઈ કસર બાકી નથી રાખી. માનવની આ અસંતોષ વાળી ભૂખથી આજે અમારી સામે ગ્લોબલ વોર્મિંગનું મહાકાય પ્રશ્ન સામે છે. આ ધરતીનું બદલાતું રોદ્ર સ્વરૂપ આપણી સમક્ષ છે. ક્યારે ભૂકંપો, જ્વાળામુખીઓ, તૂફાન, સુનામી, વિકરાળ આગ, જ્યાં આપણી કલ્પના ન હોય ત્યાં વગર સીઝને વરસાદ, બરફની વરસાદ, દરિયાના પાણીની સપાટીમાં બદલાવ, હવામાં કાર્બન ડાયોકસાઈડનું વધવું, આકાશમાં ઝેરીલા ગેસોથી ઓઝોનને નુકશાન થતાં સૂર્યની કિરણોનું ડાયરેક્ટ ધરતી પર પડવું, જેનાથી તાપમાનમાં વધારો થવું આ બધું શું છે ? માનવે જ્યારે કુદરતી સ્ત્રોતોને નુકશાન કરવા લાગ્યું તો અમારા માટે આવી મુશ્કેલીઓ સામે આવી. કુદરતે માનવને આ સૃષ્ટિમાં બધી ચીજો એ એના અસ્તિત્વ ટકાવી રાખવા બનાવી છે, પણ જ્યારે માનવીએ તેને હદથી વધારે ઉપયોગ અને તેનું નુકશાન કરવા લાગ્યું તો પ્રકૃતિને ક્યારે સહન થાય ? સમગ્ર ઈકો સિસ્ટમ બદલવા માંડી, હજી અગર માનવ ન રોકાયો તો ભવિષ્યમાં કેવી કુદરતી આફતો આવશે એની આપણે કલ્પના પણ નથી કરી શકતા. રીસર્ચ અને વિજ્ઞાનના નામથી વિજ્ઞાનિકો દુનિયાના અસ્તિત્વ પર પ્રશ્નાર્થ મૂકી દીધું છે અને વિશ્વના પુંજીપતિઓ ઓદ્યોગિક એકમોમાં નિયમોની એસીતેસી કરીને પર્યાવરણને નુકશાન કરી રહ્યા છે.

આપણા કચ્છને જ જોઈએ સૌથી પહેલાં પક્ષીઓમાં સફાઈ કામદારથી જાણીતી ગીધ ક્યાં પણ જોવા નથી મળતી, કાગડાઓ ક્યાંક ક્યાંક દેખાય છે, ઘોરાડના સંરક્ષણ માટે સરકારે અબડાસામાં એટલી જમીન વનવિભાગને સોંપી પણ ઘોરાડની સંખ્યામાં કંઈ પણ વધારો ન થયો, વનવિભાગ ગફલતની નીંદમાં જ હોય છે. ગરીબ પશુપાલકોને વિવિધ બહાનાઓથી હેરાન કરવા, ચરિયાણની જમીનને કોઈપણ યોજનાના નામથી પોતાનાં હસ્તગત કરવી અને પશુપાલક વર્ગના મોંનો કોડીયો છીનવો એ તો જાણે તેમનું કામ બની ગયો છે. બન્ની વિસ્તારમાં આવી રીતે પશુપાલકોની રોઝી રોટી છિનવાઈ રહી છે, એ બીચારા બેજુબાન જાનવરોના ખોરાક માટે અમૂલ્ય ઘાસની જમીનને વનવિભાગ વિવિધ યોજનાઓ અને બહાનાથી પોતાની હસ્તગત કરીને પશુપાલકોને તે વિસ્તારમાં પ્રવેશ નથી કરવા દેતાં, પશુપાલકો સંગઠન બનાવીને પોતાના પશુપાલનના વ્યવસાયને અગર છોડી દીધું તો શું સરકાર તેમને ખેતી માટે જમીન આપશે ? અથવા શહેરમાં ક્યાં તેમના મકાન રોજગારની વ્યવસ્થા કરી દેશે ? જેવી રીતે આજે માલધારી વર્ગને આર્થિક, માનસિક તેમજ ઘણાં નુકસાનો તેમને પશુધનને વેચીને બીજા સ્થળે પહોંચાડવામાં તેમને ઠેર ઠેર હેરાન કરવામાં આવે છે. લુખ્ખા તત્વો સેવાના નામ પર રૂા. ૧૫, ૧૫, ૨૦ હજારની લૂંટ ચલાવે છે.

આજે આપણે વિકાસ, ઓદ્યોગિક, બીજા દેશો સાથે હોડમાં આપણે પર્યાવરણના ઈકો સિસ્ટમને નુકસાન કરી રહ્યા છીએ. હું વિકાસ અને પ્રગતિનો વિરોધી નથી પણ ઉદ્યોગો તેમને તો નફો વહાલું છે. સરકારની ગાઈડલાઈન અને નિયમો તેઓ પાળતા નથી, તેમની ચિમનીઓમાંથી નિકળતો ઝેરીલો ધુમાડો હવાને ઝેરીલી બનાવે છે, તેમની ફેક્ટરીઓમાંથી નિકળતું કેમિકલયુક્ત પાણી દરિયા અને ડેમોમાં તેઓ છોડી દે છે જેથી દરિયાના જીવો પર ખતરો પેદા થઈ રહ્યો છે અને ઘણી બધી પ્રજાતીઓ તો નાશ પામી ચૂકી છે. કચ્છમાં પણ ડેમોમાં ઝેરીલું પાણી છોડવામાં આવી રહ્યું છે જેની સ્થાનિક તંત્ર નોંધ લે, જેની સિંચાઈથી ખેતીમાં નુકસાન તથા જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે. ખેડૂતોને આર્થિક નુકશાન થઈ રહ્યો છે અને મહાકાય વિન્ડફાર્મો – પવનચક્કીઓથી ગ્રીન એનર્જી અને વીજળી પૈદા કરવા આપણે આગળ આવી રહ્યા છીએ, એમાં કોઈ બેમત નથી. એમાં પણ ઉદ્યોગો સરકારી તેમજ વૈશ્વિક કાનૂનોની ગાઈડલાઈનનું પાલન નથી કરી રહ્યા. અગર કરતા તો અમારા રાષ્ટ્રીય પક્ષી મોરનું આટલા પ્રમાણમાં મૃત્યુ ન થાત. ક્યારેક પવનચક્કીઓમાં આગ લાગતા ત્યાંનું અમૂલ્ય ઘાસ બળીને ખાક થઈ જાય છે, તેને પૂછવા કે કાર્યવાહી કરવા કોઈ કેમ આગળ નથી આવતું ? શું નિયમો અને કાનૂનો મધ્યમ વર્ગને હેરાન કરવા માટે છે ? હું એક વિદ્યાર્થી તરીકે સતત શીખવાની કોશિષ કરું છું, બની શકે કે લેખનમાં ભૂલો કે સખ્ત શબ્દો હોય પણ મારી ચિંતા છે : ''કચ્છને કચ્છ રહેવા દો'' સખ્ત શબ્દોને એક વિદ્યાર્થી સમજીને માફ કરજો, એવી ઉમ્મીદ સાથે આ વિષય અહીંયા પૂરું કરું છું.

(પ્રથમ પાનાથી ચાલુ)

**હજ ૨૦૨૫ : કન્ફર્મ અરજદારો...**

રાજ્ય હજ કમિટીની વેબસાઈટ આપેલ Download Printed Pay-Slip (link - https://slip.ftgujarat.online) નાં ઓપ્શનમાં કવર નંબર નાખી વિગતો ભરેલ SBI અથવા UBI પ્રિન્ટેડ સ્લીપ ડાઉનલોડ કરી શકાશે અથવા હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈની વેબસાઈટ પર આપેલ જનરેટ પે–સ્લીપનાં ઓપ્શનમાં પોતાના કવર નંબર નાખી નિયત નમૂનાની પે–ઈન–સ્લીપ પ્રિન્ટેડ સ્લીપ ડાઉનલોડ કરી શકાશે.

વેઈટિંગમાંથી પસંદગી પામેલા હજ યાત્રાળુઓએ ઉક્ત રકમ ભરી નીચે મુજબના ડોક્યુમેન્ટ પોતાના જીલ્લામાં હજ કમિટી દ્વારા નિયુક્ત ફીલ્ડ ટ્રેનર (FT) અને આસિસ્ટન્ટ ફીલ્ડ ટ્રેનર (AFT)ને તા. ૧૮–૧૨–૨૪ સુધી જમા કરાવવાનાં રહેશે, જેઓની યાદી https://gujarathajhouse.in/trainers-2025 પર રાખેલ છે.

**મેહરમ ક્વોટામાં ૫૦૦ સીટોની ફાળવણી બાબત**

વધુમાં અધ્યક્ષ ઈકબાલ સૈયદ અને સચિવ આઈ. એમ. ઘાંચી જણાવે કે, અમુક કિસ્સાઓમાં, હજ 2025 માટે અરજી કરવા ઈચ્છતી મહિલા યાત્રાળુઓ પાસપોર્ટની ઉપલબ્ધતા અથવા અન્ય કારણોને લીધે પોતાના શરઈ મેહરમ પુરુષ અરજદાર સાથે અરજી કરવા અસમર્થ હતી. જ્યારે તેમના પુરુષ સાથીઓ (મેહરમ) અરજદાર સફળતાપૂર્વક અરજી કરી અને ડ્રો પસંદ કરવામાં આવ્યા હતા. આવા કિસ્સાઓને ધ્યાને રાખીને આવી ઈચ્છુક મહિલાઓને હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈનાં તા. ૨૫–૧૧–૨૪નાં પરિપત્ર–૧૨ મુજબ પોતાના શરઈ મેહરમ (પુરુષ)નાં કવરમાં સામેલ કરવા માટે અરજી કરી શકે તે માટે જોગવાઈ કરવામાં આવી છે. વધુ વિગત માટે હજ કમિટીના પ્રમાણિત ફીલ્ડ ટ્રેનર્સનો સંપર્ક કરવું.

## ઈબાદત સપ્તાહ

| તારીખ | સૂર્યોદય | સૂર્યાસ્ત | ઝવાલ | અસર | મહેદી | ઈફતાર |
|---|---|---|---|---|---|---|
| ૦૨–૧૨–૨૪ | ૭–૧૯ | ૬–૦૬ | ૧૨–૪૨ | ૪–૩૦ | ૫–૫૦ | ૬–૧૦ |
| ૦૩–૧૨–૨૪ | ૭–૨૦ | ૬–૦૬ | ૧૨–૪૩ | ૪–૩૦ | ૫–૫૧ | ૬–૧૦ |
| ૦૪–૧૨–૨૪ | ૭–૨૧ | ૬–૦૬ | ૧૨–૪૩ | ૪–૩૦ | ૫–૫૨ | ૬–૧૦ |
| ૦૫–૧૨–૨૪ | ૭–૨૧ | ૬–૦૭ | ૧૨–૪૪ | ૪–૩૦ | ૫–૫૩ | ૬–૧૧ |
| ૦૬–૧૨–૨૪ | ૭–૨૨ | ૬–૦૭ | ૧૨–૪૪ | ૪–૩૦ | ૫–૫૪ | ૬–૧૧ |
| ૦૭–૧૨–૨૪ | ૭–૨૩ | ૬–૦૭ | ૧૨–૪૫ | ૪–૩૦ | ૫–૫૪ | ૬–૧૧ |
| ૦૮–૧૨–૨૪ | ૭–૨૩ | ૬–૦૮ | ૧૨–૪૫ | ૪–૩૦ | ૫–૫૫ | ૬–૧૨ |

બાજુમાં દર્શાવેલ સમય ભુજ-માંડવી માટે છે.
કચ્છના અન્ય શહેરો માટે નીચે પ્રમાણે મિનિટો વધ-ઘટ કરવી
મુંદ્રા માટે ૨ મિનિટ બાદ કરવી
અંજાર માટે ૩ મિનિટ બાદ કરવી
ભચાઉ માટે ૩.૩૦ મિનિટ બાદ કરવી
ગાંધીધામ માટે ૫ મિનિટ બાદ કરવી
રાપર માટે ૬ મિનિટ બાદ કરવી
નખત્રાણા માટે ૨ મિનિટ ઉમેરવી
નલિયા માટે ૩ મિનિટ ઉમેરવી
લખપત માટે ૪ મિનિટ ઉમેરવી

# ઈન્ટરવ્યુ

એક દિવસ, એક કંપનીમાં ઈન્ટરવ્યુ દરમિયાન, બોસ, જેનું નામ અનિલ હતું, તેણે સામે બેઠેલી સ્ત્રીને પૂછ્યું, ''સીમા, આ નોકરી માટે તમને કેટલા પગારની અપેક્ષા છે ?''.

''ઓછામા ઓછા રૂા. ૮૦,૦૦૦/–'' સીમાએ કોઈપણ ખચકાટ વગર વિશ્વાસપૂર્વક કહ્યું.

અનિલે તેની સામે જોયું અને આગળ પૂછ્યું, ''તમને કોઈ રમતમાં રસ છે ?''

સીમાએ જવાબ આપ્યો, ''હા, મને ચેસ રમવી ગમે છે.''

અનિલે હસતાં હસતાં કહ્યું, ''ચેસ ખૂબ જ રસપ્રદ રમત છે. આવો, આ વિશે વાત કરીએ. ચેસનો કયો ભાગ તમને સૌથી વધુ ગમે છે ? અથવા તમે કયા ભાગથી સૌથી વધુ પ્રભાવિત છો ?''.

સીમાએ હસતાં હસતાં કહ્યું, ''વઝીર''.

અનિલે કુતૂહલવશ પૂછ્યું, ''કેમ ? જ્યારે મને લાગે છે કે ઘોડાની ચાલ સૌથી અનોખી છે.''

સીમાએ ગભીરતાથી જવાબ આપ્યો, ''ખરેખર ઘોડાની હિલચાલ રસપ્રદ હોય છે, પણ વઝીરમાં એવા બધા ગુણો હોય છે જે બાકીના મોહરા કરતા અલગ હોય છે. તે ક્યારેક પ્યાદાની જેમ ચાલ કરીને રાજાને બચાવે છે, ક્યારેક બાજુમાં ખસીને આશ્ચર્યચકિત કરે છે, અને ક્યારેક તે ઢાલ બનીને રાજાનું રક્ષણ કરે છે.''

તેની સમજથી પ્રભાવિત થઈને અનિલે પૂછ્યું, ''ખૂબ જ રસપ્રદ ! પણ તમે રાજા વિશે શું વિચારો છો ?''.

સીમાએ તરત જ જવાબ આપ્યો, ''સાહેબ, હું રાજાને ચેસની રમતમાં સૌથી નબળો માનું છું. તે પોતાની જાતને બચાવવા માટે માત્ર એક જ ચાલ લઈ શકે છે, જ્યારે વજીર તેને દરેક દિશામાંથી બચાવી શકે છે.''

અનિલ સીમાના જવાબથી પ્રભાવિત થયો અને બોલ્યો, ''ઉત્તમ ! ઉત્તમ જવાબ. હવે મને કહો કે તમે તમારી જાતને આમાંથી કયું પ્યાદું માનો છો ?''

સીમાએ જરા પણ વિલંબ કર્યા વિના જવાબ આપ્યો, ''રાજા.''

અનિલને થોડું આશ્ચર્ય થયું અને કહ્યું, ''પણ તમે તો રાજાને કમજોર અને સીમિત ગણાવ્યો છે, જે હંમેશા મંત્રીની મદદની રાહ જુએ છે, તો પછી તમે તમારી જાતને રાજા કેમ માનો છો ?''

સીમાએ હળવા સ્મિત સાથે કહ્યું, ''હા, હું રાજા છું અને મારા મંત્રી મારા પતિ હતા. તેણે હંમેશા મારા કરતા વધુ મારી રક્ષા કરી, દરેક મુશ્કેલીમાં મારો સાથ આપ્યો, પરંતુ હવે તે આ દુનિયામાં નથી.''

આ સાંભળીને અનિલને થોડો આઘાત લાગ્યો, અને તેણે ગંભીરતાથી પૂછ્યું, ''તો તમે આ નોકરી કેમ કરવા માંગો છો ?''.

સીમાનો અવાજ કર્કશ, તેની આંખો ભીની થઈ ગઈ. ઊંડો શ્વાસ લઈને તેણે કહ્યું, ''કારણ કે મારા મંત્રી હવે આ દુનિયામાં નથી, હવે મારે પોતે મંત્રી બનીને મારા બાળકો અને મારા જીવનની જવાબદારી લેવી પડશે.''

આ સાંભળીને ઓરડામાં ઊંડી શાંતિ છવાઈ ગઈ. અનિલે તાળીઓ પાડીને કહ્યું, ''બહુ સરસ, સીમા, તમે એક મજબૂત સ્ત્રી છો.''

(મૂળ હિન્દી વાર્તાનું ગુજરાતી અનુવાદ અહીં પૂરો થાય છે.)

**❑ શિક્ષણ સશક્તિકરણનું મહત્વ ❑**

આ વાર્તા તે તમામ દીકરીઓ માટે પ્રેરણા છે જે જીવનમાં કોઈપણ પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરી શકે છે. દીકરીઓને સારું શિક્ષણ અને ઉછેર આપવું ખૂબ જ જરૂરી છે. જેથી કરીને જો તેને ક્યારેય મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવો પડે તો તે પોતે વઝીર બની શકે અને પોતાના અને પોતાના પરિવાર માટે મજબૂત ઢાલ બની શકે.

કેટલાક વિદ્વાનોએ કહ્યું છે કે, ઉત્તમ પત્ની એ છે જે તેના પતિની હાજરીમાં એક આદર્શ સ્ત્રી હોય અને તેની ગેરહાજરીમાં તે પુરૂષની જેમ પરિવારનો બોજ ઉઠાવી શકે.

આ વાર્તા આપણને શીખવે છે કે જીવનમાં સંજોગો ગમે તેટલા હોય, જો આત્મવિશ્વાસ અને સમજ હોય તો કોઈપણ મુશ્કેલ પરિસ્થિતિને પાર કરી શકાય છે.

મૂળ લેખિકા : કરુણા રાણી

અનુવાદ : ફિરોઝખાન, ટોરંટો (કેનેડા). તંત્રી : હિન્દી એબોડ સાપ્તાહિક.

## પ્રશ્નોત્તરી – ૧૨૧૬




ઈસ્માઈલ એ. સોનેજી B.Sc., B.Ed.

**(૧)** કોનો લકબ તાઈસુલ મલાઈકા હતો ?

**(૨)** ક્યા દિવસે નખ કાપવા સુન્નત અને ક્યા દિવસે કાપવાની મનાઈ ફરમાવવામાં આવી છે ?

**(૩)** ક્યા નેતાનાં જન્મદિવસ પર 'રાષ્ટ્રીય એકતા દિવસ' મનાવવામાં આવે છે ?

**(૪)** રાષ્ટ્રીય જળમાર્ગ–૧ ક્યા બે સ્થળોને જોડે છે ?

**(૫)** ત્રણ વર્ષ પહેલાં એક શહેરની વસતી 1,60,000 હતી. પ્રત્યેક વર્ષે તેની વસતી 3%, 2.5% અને 5% નાં દરે વધી તો તેની વર્તમાન વસતી કેટલી હશે ?

**પરખ–૧૨૧૪નાં જવાબ :**

(૧) હઝરત અયુબ અલયહિસ્સલામએ પોતાની પત્નીને ૧૦૦ ચાબુક મારવાની કસમ ખાધી હતી.

(૨) કુર્આન શરીફની 'સૂરઃ નાસ' અને 'સૂરઃ માઊન' નું નામ એના અંતે આવેલું છે.

(૩) અમેરિકન પ્રમુખ હેરી ટ્રુમેન એ હિરોશિમા અને નાગાસાકી પર પરમાણુ હુમલો કરવાનો આદેશ આપ્યો હતો.

(૪) સૌ પ્રથમ બે વાર નોબેલ પુરસ્કાર મેળવનાર 'મેડમ મેરી ક્યુરી' હતા.

(૫) વસતીની દૃષ્ટિએ ભારતનો સૌથી મોટો જીલ્લો 'થાણે (મહારાષ્ટ્ર)' છે.

**પાંચ સાચા જવાબ આપનાર વાચકો :**

આબેદીન નૂરમોહંમદ જેડા–સિક્કા (જામનગર).
ઉઠાર ઈકબાલ આદમ–જખૌ.

**ચાર સાચા જવાબ આપનાર વાચકો :**

ચાકી ઈમ્તિયાઝ અબ્દુલગની–મથલ.
સિકંદર અનવર પલેજા–મોટી ભુજપુર.

**નોંધ : Google પર સર્ચ કરવાથી ઘણાં પ્રશ્નોનાં જવાબ મળી શકે તેમ છે. જેથી આપનાં જ્ઞાનમાં વધારો થશે.**

**નોંધ : ઓછામાં ઓછા ત્રણ સાચા જવાબ હશે તેમનાં નામ પ્રસિધ્ધ કરવામાં આવશે.**

**નોંધ : પરખના જવાબ SMS મારફત પણ મોકલી શકાય છે. મોબાઈલ નં. 81415 78692 (ઈસ્માઈલ સોનેજી)**

**(પ્રથમ પાનાથી ચાલુ)**

**ઓલ ઈન્ડિયા મુસ્લિમ...**

થતી નથી. આ ગુસ્તાખીથી ફકત દેશના મુસ્લિમોની લાગણી નથી દુભાતી પરંતુ વૈશ્વિક કક્ષાએ દેશની છબી ખરાબ થઈ રહી છે. હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઘણાં જ આદરણીય વ્યક્તિત્વ છે. સરકાર ગુસ્તાખો સામે ઈબરતનાક પગલા ભરે તેવી અમારી માગ છે.

ગેરકાયદેસરના દેશ ઈઝરાયલ દ્વારા ગઝા અને લેબનાનમાં ચાલી રહેલા નરસંહાર આઘાતજનક છે, એક વર્ષના સમયગાળામાં ઈઝરાયલ દ્વારા એકલા ગઝામાં ૪૫૦૦૦ હત્યાઓ થઈ છે જેમાં બેતૃત્યાંશથી વધુ મહિલાઓ અને બાળકો છે. મોટા ભાગના ગઝાને કાટમાળમાં તબદીલ કરી દેવાયો છે, ૨૦ લાખથી વધુ લોકો પોતાના જ દેશમાં નિરાશ્રિતોનું જીવન વિતાવી રહ્યા છે. ન ફકત તેમના રહેણાંકો બલ્કે શૈક્ષણિક સંસ્થાઓ અને હોસ્પિટલો પર બોમ્બ ઝિંકવામાં આવ્યા છે. બીજી બાજુ માનવીય સહાય રોકી દેવામાં આવી છે. નિઃસહાય ફલસ્તીનીઓ ખાસ કરી બાળકોને પાણી – ખોરાકથી વંચિત રાખવામાં આવી રહ્યા છે. અમેરિકા અને પશ્ચિમ દેશોના હાથ તળે આ થઈ રહ્યું છે. મુસ્લિમ દેશોની આપરાધિક ખામોશી ચિંતાનો વિષય છે. આ નરસંહાર તરત જ રોકવામાં આવે તેવી અમો માંગ કરી રહ્યા છીએ.

## મુસાખાનના સવાલ મુફ્તી સાહેબના જવાબ

**પ્રશ્નોના જવાબ સુન્ની હનફી મસલક પ્રમાણે છે**

**સવાલઃ કુર્આન મજીદમાં અલ્લાહ તઆલા હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને મોટા મોટા ઈલ્કાબોથી (માન વાચક શબ્દોથી) પુકારેલ છે તો પછી સૂરએ બની ઈસરાઈલમાં પોતાનો બંદો કહે છે એનું કારણ શું હશે ?**

*જવાબઃ ફકત સૂરએ બની ઈસરાઈલમાં જ નહિં પણ કુર્આને મજીદમાં ઘણી જગ્યાએ ખુદાપાકે રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને બંદા તરીકે વર્ણવ્યો છે. સૂરએ બની ઈસરાઈલમાં જે **બેઅબ્દેહી**નો લફઝ છે તે બધા ઈલ્કાબોથી પણ ઊંચો તેમજ આઅલા છે. કારણ કે હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જમીન પરથી અર્શે આઝમની બુલંદીઓ ઉપર અલ્લાહની હુઝૂરમાં જઈ રહ્યા છે તો તે બંદા થઈને જઈ રહ્યા હતા. જમીનથી બારગાહે ખુદાવંદીમાં શહેનશાહ સરદાર થઈ જવું એ બારગાહે કિબ્રિયાઈની બે–અદબી ગણાય જેથી અહિં અબ્દ ફરમાવવામાં આવ્યું.*

**સવાલઃ મસ્જિદ અથવા મદરેસાની છત ઉપર જોડા પહેરીને જવું તેમજ ઉપર સુવું અથવા બીડી પીવી જાઈઝ છે કે કેમ ?**

*જવાબઃ મસ્જિદ ઉપરની છત પણ મસ્જિદના હુકમમાં છે. તેનો તેટલો જ અદબ કરવો પડશે જેટલો મસ્જિદના અંદરના ભાગનો છે, નીચે–ઉપર બધી મસ્જિદ જ કહેવાશે. એક સરખો અદબ કરવો પડશે, બાકી મસ્જિદથી અલગ જે મદરેસો, મદરેસાના રૂમ તરીકે છે તેમાં પણ પલીદી કે ગંદકી કરવી જોઈએ નહિં. તિલાવતે કુર્આન, દરસે હદીસ વ કુર્આનના સમયે ત્યાં સુવું કે બીડી પીવી બેઅદબી ગણાશે. પરંતુ તે સમય સિવાય મદરેસાના રૂમમાં કે છત ઉપર જોડા પહેરી જવું, બીડી પીવી કે સુવું તેની મઝહબી રીતે રૂકાવટ નથી છતાં અદબ કરવો બહેતર છે.*

**સંકલન : મૌલાના મુસાખાન એમ. પઠાણ**
મુ. પો. દહીંસરા, તા. ભુજ–કચ્છ. મો. : ૯૮૭૯૮ ૪૩૦૧૮


ડિલક્ષ ઉમરાહ 99000 સફર ૨૧ દિવસ | બજેટ ઉમરાહ 77500 સફર ૧૭ દિવસ
રવાનગી નવેમ્બર ઈન્શાઅલ્લાહ
અમદાવાદ થી અમદાવાદ ડાયરેક્ટ ફ્લાઈટ
ડિલક્ષ મદીના હોટલ 200 મીટર અને મક્કા હોટલ 500 મીટર
બજેટમાં મક્કા-મદીનાની હોટલ ૮૦૦ થી ૯૦૦ મીટર
● ઉમરાહ અદાયગી ● ઝિયારત ● શોપીંગ દરેક જગ્યાએ સાથે ● લગેજ બેગ ● હેન્ડબેગ ● તસ્બીહ ● ઉમરાહ ગાઈડ ● ૫ લી. ઝમઝમ ● અનલિમિટેડ લોન્ડ્રી ફ્રી
ઈરાક-બગદાદ ઝિયારત 95000/- સફર દિવસ 12 | ઉમરાહ સાથે ઈરાક ઝિયારત 195000/- સફર દિવસ 27
: વધુ માહિતી અને બુકીંગ માટે સંપર્ક કરો :
જીલાની ટુર
ધાયરા પીર દરગાહ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, માંડવી-કચ્છ
સૈયદ પીર ઝૈનુલઆબેદીન જીલાની
ફોન : ૯૯૦૯૮ ૬૬૭૮૬

ઈકબાલભાઈ : ૯૯૦૯૦ ૭૨૫૭૦
એકતા ફર્નિચર
વુડન અને સ્ટીલ ફર્નીચરના રીટેલ તેમજ હોલસેલ વેપારી
રૂદ્ર રેસીડેન્સી, રેલ્વે ક્રોસીંગ પાસે, એરપોર્ટ રોડ, ભુજ-કચ્છ.


**: નોંધ :**

ફારૂક સાપ્તાહિકમાં આવતી વ્યવસાયિક જાહેરાતોમાં સેવા અને ગુણવત્તાના દાવાઓ વિજ્ઞાપનદાતાઓ દ્વારા થાય છે તેની ખરાઈ વાચકોએ કરવાની રહે છે.

મઝહબી લખાણોની બેઅદબી ન થાય તે અપેક્ષિત છે. – તંત્રી


SINCE : 2000
ફારૂક સાપ્તાહિક
દર શુક્રવારે વ્હોટ્સએપ પર ફારૂક સાપ્તાહિક મેળવવા સંપર્ક કરો :
મુસ્તાકભાઈ સીદી
96629 33957

કચ્છ જીલ્લાના સર્વ પ્રથમ લેટેસ્ટ ટેકનીક પ્લાસ્ટીબેલ રીંગ ખત્ના સુન્નત બાળકોને બેસાડનાર ખત્ના સ્પેશ્યાલિસ્ટ શકીલ શિકારી મૂળ ભુજ કચ્છનાં રહેવાસી
હેપ્પી કિડ્સ ખત્ના @sakilshikari
લેટેસ્ટ ટેકનીક પ્લાસ્ટીબેલ રીંગ ખત્ના સુન્નત ભુજ સેન્ટર
શકીલ ચૈબા શિકારી Children Circumision
બાળકોની ખત્ના સુન્નત ઝડપી રિકવરી પ્લાસ્ટીબેલ રીંગ લેટેસ્ટ ટેકનીક થી ખત્ના સુન્નત બેસાડી આપવામાં આવશે.
સાંકળવાલા પીર દરગાહ પાસે, ભીડ ચોક, પીર વાલી મસ્જિદની બાજુમાં, ભુજ.
આપના કોઈપણ શહેરમાં ખત્ના (સુન્નત) બેસાડવા માટે એપોઈન્ટમેન્ટ લેવા માટે સંપર્ક કરો : 8320661096.

ગનીભાઈ એમ. કુંભાર (વારસાગત)
9712597343
હકીમ વૈદ
સ્પે. હાડકા, ફેકચર, ચામડીના રોગો, સંધીવા, સાઈટીકા, કમરનો દુઃખાવો, માથાનો દુઃખાવો, ગેસ, હરસ, મસા તથા દરેક પ્રકારના રોગોનું નિદાન કરનાર
ભીડ નાકા બહાર, મહેદી કોલોની, સુરલભીટ્ટ રોડ, ભુજ.
સવારે ૯ થી ૧, બપોરે ૩ થી ૬ સુધી
દર રવિવારે બંધ રહેશે

ફીરોઝ ચાકી : Mo. : 99782 21888
તૌસિફ ચાકી : Mo. : 99988 71666
અમીત ઓપ્ટીકસ
ફ્રી કોમ્પ્યુટરાઈઝ્ડ આઈ ટેસ્ટીંગ
સસ્તું અને સારૂં
દુકાન નં. ૨, શ્રી પ્રસાદ કોમ્પલેક્ષ, મહેરઅલી ચોક, ભુજ-કચ્છ.
ખાવડા મેસુક ઘરની બાજુમાં, હોસ્પિટલ રોડ, ભુજ.


## મુસ્લિમ આશાબા વૃધ્ધ ભોજનાલય ગૃહશાળા ભુજ

જેમણે ઈમાન રાખી સારા કાર્યો કર્યા તેઓ બાગોના માલીક થશે



આમદભા – ભુજ

હાલનું સરનામું : આમદભાના નિવાસ સ્થાને પોલીસ સ્ટેશન પાછળ, સરપટ નાકા અંદર, ભુજ. ફોન : ૯૯૭૪૮ ૪૩૬૩૨

હાલે ૧૧૦ વૃધ્ધ, મંદ બુધ્ધીના જરૂરતમંદને વિના મૂલ્યે એક ટકની ટીફીન સેવા આપવામાં આવે છે. કામ ઈચ્છુક યુવકોને સહયોગ આપવામાં આવશે.

ગૃહશાળામાં બહેનોને સહકાર આપવામાં આવે છે.

ઝકાત, ખયરાત, હદીયો, લીલ્લાહ ઘઉં, ચોખા, તેલ સ્વીકારવામાં આવે છે. અલ્લાહ એ આપેલ છે તેમાંથી થોડો તેની રાહમાં ખર્ચ કરો.

સુખની તલાશ : આ મુસ્લિમ ગ્રુપ પાસે સખીદાતા ગ્રુપ ઓછો છે. છતાં વૃધ્ધ સંખ્યા ૧૧૦ની રસોઈ બને છે. સાથે (રોટલા, શાક, ભાત) બનાવવા અને પાર્સલ પહોંચાડવા માટે બહેન કામ ઈચ્છુક સંખ્યા ૨૦ને રાહત રોજગાર અપાય છે. આ જુની નીતીઓ થકી ગરીબીને ભગાડી શકીશું. ગ્રુપની આશા : વધુ સખીદાતાઓ જોડાય. દર માસે હિસાબના વધ-ઘટની જાહેરાત આપવામાં આવે છે.

મળવાનો સમય : સવારે ૧૦ થી ૧૧ –વિચારક : આમદભા

સંપર્ક : હારૂનભાઈ ખત્રી : ૯૯૨૫૮ ૫૪૧૭૦ - ડો. શહીદાબેન અરોરા : ૯૭૧૨૪ ૪૯૦૯૦

કાનૂની સલાહકાર : અશોક સી માંડલિયા (એડવોકેટ) : ૯૮૨૫૧ ૬૬૬૦૬.

Bank Name : Indian Bank, Bhuj Branch.
Account Name : Muslim Aashaba Vruddh Bhojnalay And Gruhshala
Account No.: 7326846090 IFSC : IDIB000B044





નામ : નબીલ અહમદ શેખ,
ધોરણ : ૧૦ (અંગ્રેજી માધ્યમ),
શાળા : મુસ્લિમ હાઈસ્કૂલ,
ગામ : ભુજ-કચ્છ.

**છબી** 'છબી' વિભાગમાં વિદ્યાર્થીઓના સ્વહસ્તે દોરેલ ચિત્રો મફત પ્રસિધ્ધ કરવામાં આવે છે. ટપાલ, વ્હોટ્સ એપ નં. 9662933957 કે ઈ-મેઈલ farooqsaptahik@gmail.com દ્વારા ચિત્ર, વિદ્યાર્થીનો ફોટો અને વિગત મોકલી શકાય છે. A-4 સાઈઝના લીટી વગરના કોરા કાગળ પર ચિત્ર દોરવા.


અરેબીક અને ઈન્ડિયન અત્તર, પરફ્યુમ્સ પરફ્યુમ મેકિંગ મટીરીયલ, લોબાન-બખૂર તથા હજ-ઉમરાહ હદીયા માટે ઝમઝમ બોટલ, તસ્બીહ વગેરે આઈટમ્સ મેળવવા માટેનો વિશ્વાસપાત્ર સ્થળ
હરમૈન પરફ્યુમ્સ
હોલસેલ તથા રિટેલ
عطورات حرمين
વોકળા ફળિયા, ભુજ-કચ્છ.
9638900669 harmainperfumes

# તયબાહ હોસ્પિટલ દ્વારા દુર્ગાપુર (ખાતે) ફ્રી મેડિકલ કેમ્પ યોજાયો





(ન્યૂઝ ડેસ્ક) ખિદમત-એ-ખલ્ક ગ્રુપ તથા હમદમ મેડિકલ એન્ડ એજયુકેશનલ ટ્રસ્ટ સંચાલિત "તયબાહ હોસ્પિટલ" દ્વારા માંડવી તાલુકાના દુર્ગાપુર (નવાવાસ) ગામ મધ્યે શેઠશ્રી પ્રેમજી લખમશી ઘેલાભાઈ પુનશી સાર્વજનિક સખાવતી દવાખાના મધ્યે મેડિકલ કેમ્પનો આયોજન કરવામાં આવ્યો હતો જેમાં નિદાન - દવા, બ્લડ પ્રેશર - ડાયાબિટીસ ચેકઅપ ફ્રી કરવામાં આવેલ. આ કેમ્પમાં તયબાહ હોસ્પિટલના કાયમી મહિલા તબીબ ડો. રૂકૈયાબેન કુરેશીએ સેવા આપી હતી. કેમ્પ માટે નવાવાસ મુસ્લિમ સમાજ તથા સખાવતી દવાખાના ટ્રસ્ટનો સહયોગ મળ્યો હતો. આ કેમ્પમાં કુલ ૪૯ દર્દીએ લાભ લીધો હતો.

કેમ્પની શરૂઆતમાં નવાવાસ મુસ્લિમ સમાજના પ્રમુખ દાઉદભાઈ મામદભાઈ નારેજાએ ખિદમત-એ-ખલ્કનો અર્થ સમજાવતા કહ્યું હતું કે ખિદમત એટલે કે સેવા, ખલ્ક એટલે કે આખી દુનિયા અને ગ્રુપ એટલે કે આપણે તમામ મળીને કાર્ય કરીયે તે. ઉપરાંત ગ્રુપની તથા તયબાહ હોસ્પિટલની કામગીરીને બિરદાવી હતી. સખાવતી દવાખાનાના ટ્રસ્ટી વસંત શાહએ મહિલા ડોકટર જ મહિલાની પીડા સમજી શકે છે તેમ જણાવીને વિનામુલ્યે સખાવતી દવાખાનો રેગ્યુલર વિઝિટ માટે ઉપયોગ કરવા દેવાની ઓફર કરી હતી.

ત્યારબાદ ખિદમત-એ-ખલ્ક ગ્રુપના સહમંત્રી અને તયબાહ હોસ્પિટલના ઈન્ચાર્જ ટ્રસ્ટી સુલતાનભાઈ રાયમાએ ગ્રુપની તમામ સેવાની વિગતો જણાવી હતી તથા તયબાહ હોસ્પિટલની શરૂઆત ૧૯૯૨થી કરીને અત્યાર સુધીના સફર વિશે માહિતગાર કર્યા હતા તથા તયબાહ હોસ્પિટલની અન્ય સેવાઓમાં ડો. મહેરીન પઠાણ (ફિઝીયોથેરાપીસ્ટ) કસરત માટે દરરોજ સેવા આપે છે તથા એકોર્ડ હોસ્પિટલ, ભુજના હાડકાના સર્જન ડો. શમ્સુદીન ખોજા દર મહિનાના પહેલા અને ત્રીજા શનિવારે ઉપલબ્ધ હોય છે અને ભુજની અંધજન મંડળ સંચાલિત હોસ્પિટલની ટીમ દર મહીનાની ૭ સાતમી તારીખે ઉપલબ્ધ હોય છે જેમાં આંખની તપાસ અને ઓપરેશન વિનામુલ્યે કરી આપવામાં આવે છે, તે અંગેની માહિતી આપી હતી. સૈયદ હાજીહસનશા બાવાએ દુઆ-એ-ખૈર કરીને કેમ્પની શરૂઆત કરાવી હતી.

આ કેમ્પ હમદમ ટ્રસ્ટના પ્રમુખ અબુબકરભાઈ પઠાણ તથા ખિદમત-એ-ખલ્ક ગ્રુપના પ્રમુખ ગુલામહુસેન જી. સમેજા (એડવોકટ) તથા મંત્રી હસમતખાન પઠાણના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો. કેમ્પના ઉદઘાટનમાં દુર્ગાપર (નવવાસ) ગામના આગેવાનો ભરતભાઈ શાહ, નિતિન દરજી, પિંગલ જોષી, કમલેશ શિરોખા, કેશવજી કન્નડ, વિશાલભાઈ, રમજુ ચવાણ, હાજીરમજાન કુંભાર, કાસમ શેખજાદા, નોડે ઈસ્માઈલ, મૌલાના સુલતાનશા તથા હમદમ ટ્રસ્ટના હુસેન બકાલી હાજર રહયા હતા. ઉપરાંત અબ્દુલભાઈ ભટ્ટી, હુસેન લુહાર, નઝીર સુમરા, તથા તયબાહ હોસ્પિટલના સ્ટાફગણએ જહેમત ઉઠાવી હતી.

# બહેનો માટે તરબીયતી પ્રોગ્રામ

(ન્યૂઝ ડેસ્ક) તા. ૩૦-૧૧, શનિવારના બપોરે ૩:૩૦ કલાકે બહેનો માટે તરબીયતી પ્રોગ્રામ રાખવામાં આવેલ છે જેમાં શિરકત કરવા તમામ બહેનોને જાહેર આમંત્રણ આપવામાં આવે છે. સ્થળ : મદરસા ગુલશને ફાતેમતુઝ્ ઝહરા, મણિયાર ફળિયા, ભુજ.

## મુસ્લિમ હાઈસ્કૂલમાં
# NCC દિવસ ઉજવાયો



(ન્યૂઝ ડેસ્ક) ભુજની ધી મુસ્લિમ એજયુકેશન એન્ડ વેલફેર સોસાયટી સંચાલિત ઉચ્ચતર માધ્યમિક શાળામાં ૭૬મા NCC દિવસ ઉજવણીના ભાગરૂપે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય જુસબખાન આઈ. ટાંક, NCC ઓફિસર અયાઝ એચ. જાખરા અને તેમજ NCC ઓફિસ સ્ટાફ તથા કેડેટ્સે વૃક્ષારોપણની ઉજવણીમાં હાજર રહ્યા હતા. શાળાના આચાર્યએ જણાવ્યું હતું કે, એક વ્યક્તિએ એક એક વૃક્ષ અવશ્ય વાવવું જોઈએ. સંસ્થાના ચેરમેન તેમજ તમામ હોદેદારોએ પર્યાવરણ ઉપયોગી પ્રવૃત્તિ માટે શાળા પરિવારને શુભેચ્છા આપી હતી.

# જુનાગઢ : તેજસ્વી તારલા સન્માનિત કરાયા



(ન્યૂઝ ડેસ્ક) તા. ૧૭-૧૧ ના સુન્ની સંઘી મુસ્લિમ સમાજ એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ જુનાગઢ દ્વારા સુન્ની સંઘી મુસ્લિમ સમાજના તેજસ્વી તારલાનો સન્માન સમારોહ જુનાગઢ ખાતે સમાજના મલ્ટી પર્પઝ હોલ ખાતે યોજાયો.

અખ્તર મહંમદ સમાએ કુર્આને પાકની તિલાવત તર્જુમા સાથે કરી હતી. આ સમારોહમાં ઉચ્ચ ટકાવારીથી ધો. ૧૦ અને ૧૨ પાસ કરનાર તથા સ્નાતક અને અનુસ્નાતકની ડીગ્રી મેળવનાર તેમજ મેડિકલ ક્ષેત્રે અને એન્જીનિયરીંગ ક્ષેત્રે પ્રવેશ મેળવનાર અને ડીગ્રી પ્રાપ્ત કરનાર ૭૦ થી વધુ તેજસ્વી વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ઈનામ વિતરણમાં શરીફ હાલા તથા રઝાક હાલાએ આર્થિક સહયોગ આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સમાજના પ્રમુખ હુસૈન ધલના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમનું ટ્રસ્ટના પ્રમુખ ડો. હારૂન વિહળ અને તમામ હોદેદારો, કારોબારી સભ્યો, જનરલ કારોબારી અને એરિયા પ્રમુખ તથા સમગ્ર ટીમ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવામાં જાફર પલેજા, રશીદ નોઈડા, રહીમ નાઈ, હાસમ જુણેજા તથા સમાજના યુવાન ભાઈઓ-બહેનોએ પોતાની સેવા આપી હતી.

## ઈત્તિહાદુલ મુસ્લેમીન દ્વારા
# નખત્રાણા મધ્યે સીવણ તાલીમ વર્ગ શરૂ કરાયો



(ન્યૂઝ ડેસ્ક) તા. ૨૨-૧૧ ના ઈત્તિહાદુલ મુસ્લેમીન એ હિન્દ ટ્રસ્ટ અંજાર દ્વારા નખત્રાણા શહેર મધ્યે સીવણ કામ માટેનો નિઃશુલ્ક તાલીમ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું જેનું ઉદ્ઘાટન સંસ્થાના નખત્રાણા શહેર પ્રમુખ હાજી મામદભાઈ ખત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ વર્ગમાં ૧૫ જેટલી તાલીમાર્થી બહેનો ભાગ લેશે તેમજ ટ્રેઈનર તરીકે ખત્રી સરફૂનીશાબેન સેવાઓ આપશે.

## મજબૂત કેશ ફ્લો અને શેરબજારમાં રિકવરીથી રોકાણકારોને હાશકારો : અદાણી જૂથ

(ન્યૂઝ ડેસ્ક)

અદાણી જૂથ દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે કે, તેમના પર લાગેલા આરોપો બાદ અત્ર-તત્ર સર્વત્ર અનેક અટકળો સેવાઈ રહી છે. એક તરફ શેરબજારમાં ધોવાણ બાદ થયેલી રિકવરીથી રોકાણકારોને રાહત થઈ છે. તો બીજી તરફ નિષ્ણાંતોનું માનવું છે કે અદાણી જૂથની લાંબા ગાળાની મજબૂત વ્યૂહરચના પર આ કેસની કોઈ અસર થશે નહીં. $250 મિલિયનના લાંચના કેસમાં કોઈપણ ગેરરીતિનો સ્પષ્ટપણે ઈનકાર કરતા અદાણીના ગ્રુપના શેરોએ ગ્રુપની માર્કેટ કેપિટલાઈઝેશનમાં ઘટાડો થયાના એક દિવસમાં જ નોંધપાત્ર પુનરાગમન કર્યું છે.

મજબૂત કેશ ફ્લો અને ઉચ્ચ રોકડ સ્તર: નાણાકીય વર્ષ ૨૦૨૪માં અદાણી જૂથનો રોકડ નફો 51% વધીને લગભગ રૂા. 56,000 કરોડ થયો હતો. બુકમાં નોંધાયેલ નફાની વાત કરીએ તો તે આશરે રૂા. 54,000 કરોડ હતો. તે બંને મળીને કુલ રકમ રૂા. 1.1 લાખ કરોડ થાય છે. દેવાની વાત કરીએ તો, ચોખ્ખું દેવું આગામી 10 વર્ષમાં સ્પ્રેડ રિપેમેન્ટ સામે 3 વર્ષથી ઓછા સમયમાં ચૂકવી શકાય છે.

અદાણી સમૂહે જણાવ્યું હતું કે તેનો પોર્ટફોલિયો Ebitda ના 2.5 ગણાથી ઓછો છે, જે દેવું ચૂકવવાની જૂથની ક્ષમતા દર્શાવે છે. વળી કોન્ટ્રાક્ટ્સમાંથી કમાણી તેના કુલ પોર્ટફોલિયોના 70% જેટલી છે, જે રોકાણકારોને વૃધ્ધિની ખાતરી આપે છે.

## પશુપાલકો માટે
# પશુધન વીમા સહાય યોજના અમલી કરાઈ

(જીલ્લા માહિતી કચેરી દ્વારા)

ભારત સરકારનાં નેશનલ લાઈવ સ્ટોક મિશન (NLM) તથા રાજ્ય પુરસ્કૃત રિસ્ક મેનેજમેન્ટ એન્ડ ઈન્સ્યોરન્સ યોજના હેઠળ પશુધન વીમા સહાય યોજના મંજૂર કરવામાં આવી છે. જેનો હેતુ પશુઓને વીમા કવચથી સુરક્ષિત કરી પશુપાલકોને આકસ્મિક પશુ મૃત્યુથી થતા આર્થિક નુકશાનથી બચાવવાનો છે. રાજ્યના તમામ પશુપાલકો I-KHEDUT પોર્ટલ પર અરજી કરી શકે છે.

આ યોજના હેઠળ પ્રતિ લાભાર્થી દીઠ એકથી ત્રણ વેતરનાં હોય તેવા મહત્તમ ૩ પશુઓને (ગાય અને ભેંસ વર્ગનાં) લાભ મળવાપાત્ર થાય છે. આ યોજનામાં ઓનલાઈન અરજી કરી તેની પ્રિન્ટ કાઢી, સહી કરીને જરૂરી સ્વપ્રમાણિત દસ્તાવેજો સાથે અરજીની નકલ નજીકની પશુ સારવાર સંસ્થાને દિન ૭માં પહોંચાડવાની રહેશે અથવા તમામ આધારો I-KHEDUT પોર્ટલ ઉપર અપલોડ કરવાનાં રહેશે. ઓનલાઈન અરજી કરવા માટેનો સમયગાળો તા. ૧૩-૧૨-૨૦૨૪ સુધી રહેશે. કચ્છનાં પશુપાલકોને આ યોજનાનો લાભ લેવા માટે જીલ્લા પંચાયત નાયબ પશુપાલન નિયામકશ્રી ડો. આર. ડી. પટેલ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ફારૂક સાપ્તાહિક
વાર્ષિક લવાજમ રૂા. 150/-
Gpay - 99092 26786

# પૂજા સ્થળ બિલ ૧૯૯૧ શું છે

પૂજાના સ્થાનો (વિશેષ જોગવાઈઓ) અધિનિયમ, ૧૯૯૧ એ એક એવો કાયદો છે જે કોઈપણ પૂજાના સ્થાનોના રૂપાંતર અને તેમાં કરવામાં આવતા ફેરફાર પર પ્રતિબંધ મૂકે છે અને આ પૂજા સ્થાનો ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ જે સ્થિતિમાં હતા તે મુજબ તેમના ધાર્મિક પાત્રની જાળવણી પર ભાર મૂકે છે. આ કાયદો પી.વી. નરસિમ્હારાવ સરકાર હેઠળ રામ મંદિર આંદોલન દરમિયાન સપ્ટેમ્બર ૧૯૯૧માં પસાર કરવામાં આવ્યો હતો. આ અધિનિયમ કહે છે કે કોઈપણ પૂજા સ્થળનું ધાર્મિક પાત્ર ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ હતું તે મુજબ જ રહેશે. તે એવું પણ કહે છે કે કોઈપણ વ્યક્તિ કોઈપણ ધાર્મિક સંપ્રદાયના કોઈપણ પૂજા સ્થળને અલગ સંપ્રદાય અથવા વિભાગમાં રૂપાંતરિત કરી શકશે નહીં.

એ.કે. ફેબ્રીકસ
નમાઝ ટોપી, હાજી રૂમાલ
ઓઢણા સ્કાર્ફ
રૂમાલી



વિમલ સ્ટેશનરી પાસે, સિધ્ધી બુક સ્ટેશનરી સામે, બેઝમેન્ટ, કચ્છી દશા શ્રીમાળી જૈન વાડી, વાણીયાવાડ, ભુજ-કચ્છ.
ફોન : ૯૪૦૮૪૪૬૯૫૯, ૯૧૦૬૬૯૭૯૩૦, ૯૪૨૬૬૭૮૬૦૬.



હાર્દિક અભિનંદન
માંજલીયા હાજી અયુબ ઓસમાણ
પ્રમુખ :
સમસ્ત માછીમાર સમાજ ગુજરાત
ફોન : 9726333944.

આપશ્રીએ માછીમારો તથા સર્વ પ્રજાજનો માટે જે સતકાર્યો કર્યા છે તેને બિરદાવી આપશ્રીને સમસ્ત ગુજરાત માછીમાર સમાજના પ્રમુખ બનાવાયા તે બદલ શુભકામના...

: લી. શુભેચ્છકો :
- મામદ હુસૈન જામ
- સલીમ સાલે હાજી માંજલીયા
- હાજી જખરા ચૌહાણ
- હાજી સુલેમાન હાજી બુઢા જામ
- અલી હાજી ગાધ
- ફકીરમામદ ઉમર જામ
- આમદ કાસુ જામ
- હાજી જુસબ ઈબ્રાહીમ ચૌહાણ (મુતવલી)

સમસ્ત સંઘળ મુસ્લિમ જમાત

# ઈત્તિહાદુલ મુસ્લેમીન દ્વારા ગાંધીધામ ખાતે પસંદગી-પરિચય મેળો યોજાયો

(ન્યૂઝ ડેસ્ક)

ઈત્તિહાદુલ મુસ્લેમીન એ હિન્દ ટ્રસ્ટ અંજાર દ્વારા ખાતુન મુસ્લિમ મેરેજ બ્યુરોના સહયોગથી તા. ૨૩-૧૧ ના રોટરી ભવન, ગાંધીધામ મધ્યે સાતમા પસંદગી અને પરિચય મેળો યોજાયો. જેમાં લગ્ન ઈચ્છુક ઉમેદવારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પસંદગી પરિચય મેળામાં ૫ થી ૭ રિશ્તાઓ બને તે માટે પરિવારો સાથે મીટિંગનું આયોજન કરાઈ સંકલન કરાયું હતું.





આ કાર્યક્રમની શરૂઆત તિલાવત એ કુર્આનથી કરવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ હાજી મોહંમદભાઈ આગરીયાએ સંસ્થાના સેવાકીય કાર્યો વિશે ટૂંકી વિગત આપી હતી તેમજ કાર્યક્રમના આયોજનના ઉદેશ્યો લોકો સમક્ષ રજૂ કર્યા હતા. સંસ્થાના ટ્રસ્ટી શાહનવાઝ શેખે લગ્ન અને પરિચય પસંદગી મેળાનો મહત્વ સમજાવતા ઉદ્બોધન આપ્યું હતું. સંસ્થાના ટ્રસ્ટી એડવોકેટ સાદિક રાયમાએ લોકોમાં પસંદગી પરિચય મેળા માટેની જાગૃતતા તેમજ મુસ્લિમ સમાજને આવા કાર્યક્રમોની ખાસ તાતી જરૂરત છે તે બાબતે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

આ કાર્યક્રમમાં હાજીઅનવરશા બાપુ, ખાતુન મુસ્લિમ મેરેજ બ્યુરોના અધ્યક્ષ હાજીસરફરાઝ પઠાણ, હાજીગની માંજોઠી, હાજીશકુર માંજોઠી, હાજીરફીક બારા તેમજ પૂર્વ પોલીસ ઓફિસર સલીમશા સૈયદ, હાજીશબ્બીર રાયમા અને સલામભાઈ વગેરેનું સંસ્થા પરિવાર દ્વારા પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના લતીફ ખલીફા, સાબિર કુરેશી, એડવોકેટ અ.રઝાક બાયડ, અશરફ જત વગેરેએ જહેમત ઉઠાવી હતી. એવું ટ્રસ્ટનાં પ્રવકતા સૈયદ જલાલશાએ જણાવ્યું છે.

હજ્જ - ૨૦૨૫ બુકીંગ ચાલુ છે
રૂા. 7,50,000/-

મક્કા : લી મેરીડીન અલ મુકરીમ (સીમ્લર) ૧૪ દિવસ
મદીના : અબરાજ તાબા, હયા પલાઝા (સીમ્લર) ૮ દિવસ
અઝીઝીયા - ૫ દિવસ, મીના - ૫ દિવસ, અઝીઝીયા - ૫/૬ દિવસ

- ટ્રોલી બેગ
- પાસપોર્ટ બેગ
- એહરામ
- ગાઈડ બુક
- મીના માટે બેગ
- મક્કા-મદીનાની ઝિયારતો
- લોન્ડ્રી ફ્રી
- મોઅલ્લીમ D કેટેગરી
- કુરબાની તેમજ તવાફે ઝિયારત હાજીઓએ પોતાના ખર્ચે (સ્વખર્ચે) કરવાની રહેશે.

: જોઈતા ડોકયુમેન્ટ્સ :
- પાસપોર્ટ
- પાસપોર્ટ સાઈઝ ફોટા-૨
- પાનકાર્ડ
- આધાર કાર્ડ (લિન્ક કરાવેલ હોવું જોઈએ)
- બેન્ક એકાઉન્ટ ડીટેલ

ખાદિમુલ હુજાજ ટુર્સ
SINCE 2006
હજ ◆ ઉમરાહ ◆ ઝિયારત ટુર આયોજક
કે.બી.સી. બંધેજ ઉપર, અનમ રિંગ રોડ, ભુજ-કચ્છ.

એજન્ટ્સ તથા મસ્જિદ મદરસામાં પઢાવતા મોલાનાઓ દ્વારા પૂછપરછ આવકાર્ય.

હાજી ગફુર ખત્રી, (કે.બી.સી. બંધેજ) ભુજ M:9825993786
મુફીઝુલરહેમાન, ભુજ M:9913840786
મોલાના હાજી સુલેમાન માંજોઠી, માંડવી M:9925662586
હાજી મોહંમદભાઈ (ન્યુ કે ટેઈલર), ભુજ M:9099053532

Editor, Printer, Publisher and Owner Yousuf A. Jat, Printed at Elite Printers, Opp. Sumra Deli, Bhuj-Kutch and Published from Maiwali street, Sawaya faliya, Bhuj-Kutch(Gujarat). Mo. : 98253 76396

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક યુસુફ એ. જત; મુદ્રણ સ્થાન : એલાઈટ પ્રિન્ટર્સ, સુમરા ડેલી સામે, ભુજ-કચ્છથી છાપીને માઈવાલી શેરી, સવાયા ફળીયા, ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું. મોબાઈલ : ૯૮૨૫૩ ૭૬૩૯૬, E-Mail : farooqsaptahik@gmail.com